# શિક્ષણ અને ઈતિહાસના સંદર્ભમાં તત્વજ્ઞાનની નૂતન સંકલ્પનાઓ

→ મહેશભાઈ વી.ચૌધરી
( M.A,M.Ed,M.Phil,NET(JRF),GSET)
ધોળાકુવા પ્રાથમિક શાળા
તા.માણસા,જિ.ગાંધીનગર

## * પ્રસ્તાવના :

શૈક્ષણિક તત્વજ્ઞાન અને કેળવણી પરસ્પર સંકળાયેલાં છે. શૈક્ષણિક તત્વજ્ઞાન એ તત્વજ્ઞાનની પ્રાયોજિત(**Applied**)પ્રશાખા તરીકે અસ્તિત્વમાં આવી છે.કેળવણી દ્વારા જીવનના આદર્શોનું વિશ્લેષણ કરવામાં આવે છે. તત્વજ્ઞાનના જીવનના અંતિમ સત્યોનું અન્વેશ્રણ કરે છે. જહોન ડ્યુઈ ના મતાનુસાર, ' તત્વજ્ઞાના એ કેળવણીનો સામાન્ય સિધ્ધાંત છે.( **Philosophy may be Defined as The General Theory of Education)**[1] આદર્શવાદ,પ્રકૃતિવાદ,વાસ્તવવાદ વગેરે શૈક્ષણિક તત્વજ્ઞાનના જૂના દ્રષ્ટિબિંદુઓ છે. પરંતુ આધુનિક યુગમાં નિર્માણ પામેલા શૈક્ષણિક તત્વજ્ઞાનના નવા દ્રષ્ટિબિંદુઓની હવે ચર્ચા કરીએ.

## * તત્વજ્ઞાનની નૂતન સંકલ્પનાઓ / નવાં દ્રષ્ટિબિંદુઓ :

→ તત્વજ્ઞાનનાં નવાં દ્રષ્ટિબિંદુઓ ( **NEW PARADIGMS**) આ મુજબ છે.

(૧) વિશ્લેષણ ( **Analysis** )

(૨) તાર્કિક વિશ્લેષણ ( **Logical Analysis** )

(3) અનુભવવાદ અને તાર્કિક અનુભવવાદ ( **Empiricism and Logical Empiricism** )

(૪) વિધેયાત્મક સાપેક્ષવાદ ( **Positive Relativism** )

(૫) નવ્ય વાસ્તવવાદ ( **Neo Realism** )

(૬) સમીક્ષાત્મક વાસ્તવવાદ ( **Critical Relativism** )

(૭) ઈન્દ્રિય-પ્રદત્તનું તત્વજ્ઞાન ( **Philosophy of Sense-Data** )

(૮) તાર્કિક પરમાણુવાદ ( **Logical Atomism** )

(૯) પ્રતિભાસમીમાંસા / સંવૃત્તિશાસ્ત્ર ( **Phenomenology** )

(૧૦) તાર્કિક પ્રત્યક્ષવાદ ( **Logical Positivism** )

(૧૧) તાર્કિક સંરચના ( **Logical Construction** )

### (૧) વિશ્લેષણ ( Analysis )

વીસમી સદીમાં વિશ્લેષણની હિલચાલ શરૂ થઈ.[2] તેના પ્રણેતા જ્યોર્જ એડવર્ડમૂર ગણાય છે.આ અભિગમ સમગ્રને તેના ભાગોમાં વિભાજીત કરે છે.આમ કરીને જેનું વિભાજન ન થઈ શકે તેવા સરળ ભાગ

સુધી પહોંચવાનો તેનો હેતુ છે.અહીં વસ્તુનું ગુણાત્મક નહી , પણ પરિમાણિક કે જથ્થાનું પાસું જ ધ્યાનમાં લેવાય છે. વિશ્લેષણનું મહત્વ પણ છે. વિચારોની સ્પષ્ટ રજુઆત માટે ભાષાના વિશ્લેષણની અને વિચારના વિશ્લેષણની પણ આવશ્યક્તા છે.

(૨) તાર્કિક વિશ્લેષણ ( **Logical Analysis** ) :

વિયેના વર્તુળે તાર્કિક પ્રત્યક્ષવાદ,વિશ્લેષણ અથવા દાર્શનિક વિશ્લેષણનો વિકાસ કર્યો હતો. વિયેના વર્તુળની સ્થાપના ૧૯૨૨ માં થઈ હતી. વીસમી સદીમાં અંગ્રેજી તત્વચિંતનમાં તાર્કિક વિશ્લેષણ / વિશ્લેષણાત્મક તત્વજ્ઞાનનો ધ્વજ ફરકાવનાર ચિંતકોમાં જી.ઈ.મૂર ( ૧૮૭૩-૧૯૫૮), બર્ટ્રાન્ડ રસેલ( ૧૮૭૨-૧૯૭૦ ) અને લુડવિગ વિટ્ગેન્સ્ટાઈન ( ૧૮૮૯-૧૯૫૧) નો સમાવેશ થાય છે. આ તાર્કિક વિશ્લેષણ એક વિશિષ્ટ અભિગમ છે. આ અભિગમ રાખનારા સર્વ તત્વચિંતકો એમ માને છે કે ભાષામા અર્થની સ્પષ્ટતા કરવી એ તત્વજ્ઞાનનું મુખ્ય કાર્ય છે, આથી અંતિમ તત્વના સ્વરૂપનું નિરૂપણ કરવું અને જીવના ધ્યેય અંગેનું માર્ગદર્શન આપવું એ તત્વજ્ઞાનનું મુખ્ય કાર્ય છે.[3]

(3) અનુભવવાદ અને તાર્કિક અનુભવવાદ ( **Empiricism and Logical Empiricism** ):

અનુભવવાદ એક જ્ઞાનમીમાંસીય સિધ્ધાંત છે તેના મતે ઈન્દ્રિયાનુભવ આપણા જ્ઞાનનો એકમાત્ર સ્રોત છે.( બાહ્ય અનુભવ , આંતરિક નહિ ) લોક, બર્કલે અને હ્યુમ અનુભવવાદના મુખ્ય દાર્શનિકો છે. આ અનુભવવાદ તે મનોવૈજ્ઞાનિક અનુભવવાદ ગણાય છે. બર્ટ્રાન્ડ રસેલે પોતાના ગ્રંથ ‘પ્રિંસીપીઆ મૈથમેટિકા’ માં તર્ક વાક્યોની રચના કરી હતી. તેના મતે જ્યારે તર્કના આધારે કોઈ સત્ય સાબિત થાય છે.ત્યારે તે નિષ્કર્ષનું સ્તર બૌધ્ધિક અને સૈધ્ધાંતિક જ બનેલું રહે છે,પરંતુ આ સત્યને અનુભવ દ્વારા સત્યાપિત (પ્રસ્થાપિત) કરવામાં આવે છે , ત્યારે તે સત્ય તાર્કિક અનુભવ સમકક્ષ ગણાય છે.[૪]તાર્કિક અનુભવવાદમાં તર્ક અને અનુભવ બન્ને સત્ય સુધીપહોંચવાના મહત્વના સ્રોત છે. તે જુના અનુભવવાદ થી ભિન્ન છે અને મનોવૈજ્ઞાનિક અનુભવવાદ ને સ્થાને તાર્કિક અનુભવ ને પ્રાધાન્ય આપે છે. તાર્કિક અનુભવવાદ માને છે કે જે કથનોનું તાર્કિક પૃથક્કરણ અને સૈધાંતિક ચકાસણી થઈ શકે તેને જ અર્થયુક્ત ગણવાં. આ સિદ્ધાંત તત્વજ્ઞાનને નિરર્થક બતાવીને ફક્ત તર્કશાસ્ત્ર અને વિજ્ઞાનને જ મહત્વ આપે છે.

(૪)વિધેયાત્મક સાપેક્ષવાદ ( **Positive Relativism** )કે પ્રત્યક્ષ સાપેક્ષવાદ:

સાપેક્ષવાદ એ નિરપેક્ષ સત્તા (**Absolute**) નો વિરોધી ખ્યાલ છે આ વિશ્વમાં કોઈ નિરપેક્ષ સત્તા છે તેમ આદર્શવાદીઓ માનતા આવ્યા છે,પરંતુ સાપેક્ષવાદ આ વિચારનું ખંડન કરે છે નિરપેક્ષ સત્તાની કલ્પના નિરર્થક છે. કોઈ નિરપેક્ષ સત્ય ( **Absolute Truth** ) નથી,કોઈ નિરપેક્ષ શિવમ્ ( **Absolute Good** ) પણ નથી.અને કોઈ નિરપેક્ષ સુંદરમ્( **Absolute Beautiful**) પણ નથી. સત્યમ્ , શિવમ્ , સુંદરમ્ એ સાપેક્ષ ખ્યાલો છે સંપૂર્ણ વિશ્વ સાપેક્ષ છે.

પરંતુ બીજી બાજુ પ્રત્યક્ષ સાપેક્ષવાદ (**Positive Relativism**)નો સંબંધ તત્વ મીમાંસીય વાસ્તવિકતાઓ સાથે ન રહેતાં તર્કવિદ્યા સાથે છે.જેમાં તર્ક વાક્યોની સાપેક્ષતાની ધારણા સમાવિષ્ટ છે. ઉ.દા.તરીકે નીચેના ત્રણ વાક્યો જુઓ.

(૧) ગાંધીજી એક મનુષ્ય છે.

(૨) બધા જ મનુષ્યો પાંખો વિનાના બે પગ વાળા હોય છે.

(૩) મનુષ્ય એક વિચારશીલ પ્રાણી છે.

ઉપરોક્ત ત્રણ વાક્યોમાં પ્રથમ વાક્ય એક વ્યક્તિ માટે , બીજુ વાક્ય વ્યક્તિઓના સમૂહ માટે જ્યારે ત્રીજુ વાક્ય એક સામાન્ય વસ્તુ માટે પ્રયોજાયેલ છે.જ્ઞાતા, વિષય અને જ્ઞાનક્રિયાના આધારે તર્ક વાક્યોનો અર્થ બદલાઇ જાય છે.

**(૫) નવ્ય વાસ્તવવાદ ( Neo Realism ):**

નવ્ય વાસ્તવવાદે આદર્શવાદનો ખૂબ વિરોધા કર્યો.જી.ઈ.મૂર આ વાદના પ્રબળ સમર્થક હતા. ઈ.સ..૧૯૧૧ માં તેમની કેમ્બ્રિજ યુનિવર્સીટીમાં નિમણૂંક થઈ .ઇ.સ .૧૯૨૧ થી ૧૯૪૭ સુધી તેમણે બ્રિટેનની વિખ્યાત પત્રિકા '**Mind**'નું સંપાદન કર્યું ૧૯૧૩ માં આ પત્રિકા માં " **The Reputation of Idealism**' નામના લેખ દ્વારા તેમણે નવ્ય વાસ્તવવાદનો પ્રચાર કર્યો.

**(૬) સમીક્ષાત્મક વાસ્તવવાદ ( Critical Relativism )**

નવ્ય-વાસ્તવવાદીઓના વિરોધમાં ૧૯૧૬માં વાસ્તવવાદીઓનો એક સંઘ સ્થાપિત થયો.૧૯૨૦માં તેણે એક ઘોષણાપત્ર પ્રકાષિત કર્યું.જેનું શીર્ષક હતું. "**Essays in Critical Realism** " તેના સમર્થકોમાં હતાં- વાસર , ડ્રૈટ ડ્રૈક , જોન્સ હાફકિંસ , જેમ્સ વિન્સેન્ટ , સી.એ.સ્ટ્રોંગ વગેરે. આ સંઘની સ્થાપનાનો મુખ્ય ઉદ્દેશ નવ્ય-વાસ્તવવાદીઓની જ્ઞાનતત્વ સંબંધી માન્યતાઓમાં સુધારો કરવાનો હતો.

**(૭) ઈન્દ્રિય-પ્રદત્તનું તત્વજ્ઞાન ( Philosophy of Sense-Data )**

કોઈ પણ વસ્તુ કે ચિત્રને આપણી ઈન્દ્રિયો મન દ્વારા જુએ છે. ઈન્દ્રિય-પ્રદત્ત અંગેનો સૌપ્રથમ વિચાર મૂરે પોતાના ગ્રંથ ' **Philosophical Studies** ' માં કર્યો હતો.ત્યારબાદ બર્ટ્રાન્ડ રસેલે ઈન્દ્રિય-પ્રદત્ત તત્વજ્ઞાન પર સવિશેષ કાર્ય કર્યું હતું.[૫]

**(૮) તાર્કિક પરમાણુવાદ ( Logical Atomism )**

વિશ્લેષણાત્મક તત્વજ્ઞાન અથવા તાત્વિક વિશ્લેષણના અભિગમને કારણે (૧) તાર્કિક પરમાણુવાદ, (૨) તાર્કિક પ્રત્યક્ષવાદ અને (૩) ભાષાકીય તત્વજ્ઞાન એ ત્રણ ચિંતન પ્રવાહોનો ક્રમિક ઉદ્દભવ થયેલો છે તાર્કિક પરમાણુવાદના મૂળભૂત પ્રતિપાદનની સ્પષ્ટતા કરતાં રસેલ જણાવે છે કે સર્વ વસ્તુઓનું સ્વરૂપ ગુણધર્મો ( **Properties** ) અને સંબંધો ( **Relations** ) ના સંદર્ભમાં સમજી શકાય છે,એટલેકેજગતની

વસ્તુઓમાંજુદા જુદા ગુણધર્મો હોય છે, અને તેમ એ અન્ય વસ્તુઓ સાથે જુદા જુદા સંબંધો હોય છે. જગતની વસ્તુઓના ગુણધર્મો અને સંબંધો એ જગતને લગતી હકીકતો છે.[૬]

તાર્કિક પરમાણુવાદમાં પરમાણુ એટલે કોઈ તત્વ અહિ , પરંતુ પરમાણુ એટલે સરળતમ ભાષામાં વાક્ય(કથન). આ મૂળ કથન એટલે જ પરમાણું.

(૯) પ્રતિભાસમીમાંસા / સંવૃત્તિશાસ્ત્ર ( **Phenomenology** )

બાહ્ય વસ્તુ અને જ્ઞાતાના આંતરિક સંબંધ પર સ્થાપિત પ્રમાણ અથવા દર્શન પરમતત્વનું જ્ઞાન બાહ્યવસ્તુના અને આત્મલક્ષીતત્વના અનુભવ પર આધારિત છે. એમ સ્વીકારતો સિદ્ઘાંત.

(૧૦) તાર્કિક પ્રત્યક્ષવાદ ( **Logical Positivism** ) કે તાર્કિક ભાવવાદ :

તાર્કિક પ્રત્યક્ષવાદમાં તાર્કિક નો અર્થ પરંપરાગત તર્કશાસ્ત્ર સાથે નથી બર્ટ્રાન્ડ રસેલે ઈ.સ..૧૯૦૩ માં **"Principles of Mathematics"** પુસ્તક પ્રકાશિત કર્યું.ત્યારબાદતેણે કાઈટ હૈડ સાથે વિખ્યાત ગ્રંથ **"Principia Mathematica"**નું પ્રકાશન કર્યું. તેમાં 'તાર્કિક' શબ્દામાં ત્રણ સિધ્ધાંતોનો સમાવેશ કર્યો.

(૧) વર્ણન સિધ્ધાંત ( **Theory of Description** )

(૨) પ્રારૂપ સિધ્ધાંત ( **Theory of Types** )

(૩) વ્યાપ્તિ સિધ્ધાંત ( **Principle of Extensionality** )[૭]

તાર્કિક ભાવવાદના મુખ્ય બે ઉદ્દેશો આ મુજબ છે :

(૧) વિજ્ઞાન માટે એક સુદ્રઢ અને સુરક્ષિત આધારનું પ્રદાન કરવું.

(૨) તત્વજ્ઞાનની નિરર્થકતાનું પ્રદર્શન કરવું.

તાર્કિક ભાવવાદના મુખ્ય સિધ્ધાંતો નીચે મુજબ છે.

(૧) તેમાં હ્યુમના અનુભવવાદ , કામ્ટે ના પ્રત્યક્ષવાદ અને રસેલ, મૂર, વિટગેંન્સ્ટાઈન તથા વ્હાઈટ હૈડ તાર્કિક વિશ્લેષણનો સમન્વય થયેલો છે.

(૨) ચિંતનની હદ નિર્ધારીત કરતી વખતે તે હદના બન્ને પક્ષો પર વિચાર કરવો જોઈએ.

(૩) નિગમનાત્મક વિશ્લેષણને દર્શનશાસ્ત્ર પોતાની વિષય વસ્તુ બનાવી નથી શકતું.

(૪) દર્શનનું કાર્ય પરમતત્વની સમગ્રતાનું અધ્યયન નથી .

(૫) આગમનની સમસ્યાનું સમાધાન કરવું તે દર્શનનું કાર્ય નથી.

(૬) દર્શનનું મુખ્ય કાર્ય વૈજ્ઞાનિક તર્કવાક્યોનું વિશ્લેષણ કરવાનું છે.

(૭) કારણ – કાર્યનો સંબંધ તાર્કિક નથી,આનુભવિક છે.

**(૧૧) તાર્કિક સંરચના ( Logical Construction )**

રસેલની તાત્વિક શોધ કે જે તેના મતે તાર્કિક શોધ છે તે શોધ દ્રિમાર્ગી પ્રક્રિયા છે. એક એ કે તે તાર્કિક અણું સરળતમની શોધ છે.આપણા સામાન્ય જ્ઞાનના વિશ્લેષણને આધારે તે સરળ અણુંતત્વો સુધી પહોંચવાની પ્રક્રિયા છે. જ્યારે બીજી તરફ તે જગત સંબંધિત સંરચના છે. પ્રથમમાં અણુંવાક્યો(**Atomic Proposition**) સુધી પહોંચવાની પ્રક્રિયા છે, જ્યારે બીજામાં ભૌતિક પદાર્થો તથા અન્ય મત જેવા વર્ણનો સંબંધિત તે અંતિમ અણુવાક્યોની સંરચના છે. ઉપરોક્ત બંને પ્રક્રિયાઓનો સમન્વય એટલે તાર્કિક સંરચના(**Logical Construction**)[૮].

* **સમાપન** *

આમ, ઉપરોક્ત વિશદ ચર્ચાને અંતે કહી શકાય કે છેલ્લી એક સદીમાં તત્વજ્ઞાન અને શૈક્ષણિક તત્વજ્ઞાનની વિદ્યાશાખા ક્ષેત્રે કેટલીક આધુનિક સંકલ્પનાઓ – દ્રષ્ટિબિંદુઓ – આયામો નો ઉદય થયો છે. જે પ્રવર્તમાન યુગમાં શિક્ષણ જગતનું મહત્વનું યોગદાન લેખવું જ રહ્યુ .

-: પાદનોંધ :-

૧. સાધુ પ્રેમદાસ વ., કેળવણીના દાર્શનિક આધારો, દ્વિતિય આવૃત્તિ, અક્ષર પબ્લિકેશન, અમદાવાદ,૨૦૦૯,પૃષ્ઠ ૪૫.

૨. રાવલ નટુભાઈ વી.,કેળવણીની તાત્વિક અને સમાજશાસ્ત્રીય આધારશિલાઓ,પ્રથમ આવૃત્તિ, નીરવ પ્રકાશન ,અમદાવાદ,૨૦૧૧ , પૃષ્ઠ ૬૮.

૩. રાવળ સી.વી.,પારિભાષિક કોશ - તત્વજ્ઞાન, પ્રથમ આવૃત્તિ,યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ,ગુજરાત રાજ્ય,અમદાવાદ,૨૦૦૧,પૃષ્ઠ ૬૭૦.

૪. પાંડે રામશકલ,શિક્ષા દર્શન,આગરા,પૃષ્ઠ ૪૨૪.

૫. એજન, પૃષ્ઠ ૪૧૫ થી ૪૧૭.

૬. રાવળ સી.વી., ઉપરોક્ત,પૃષ્ઠ ૫૪૭.

૭.પાંડે રામશકલ,ઉપરોક્ત,પૃષ્ઠ ૪૩૦.

૮. યુ.જી.સી. નેટ / સેટ શિક્ષાશાસ્ત્ર, દાનિકા પબ્લિશિંગ કંપની,નવી દિલ્હી,૨૦૧૩, પૃષ્ઠ ૬૯.